# અમદાવાદ શહેરમાં દેશભક્તિના રંગે રંગાઈ ભવ્ય 'તિરંગા યાત્રા'

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રાયપુરથી તિરંગો લહેરાવી યાત્રાનો પ્રારંભ કરાવ્યો**



**'કશ્મીરથી કન્યાકુમારી અને ગામડાથી મહાનગર સુધી આજે દેશભક્તિનો એક જ રંગ-તિરંગાનો રંગ': નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

કમલમ્,

વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશની સરહદે પર કપરા સંજોગોમાં દિવસ-રાત દેશની સુરક્ષા માટે તત્પર રહેતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેમજ દેશભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવા અમદાવાદ શહેરના રાયપુરથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તિરંગો લહેરાવી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાયેલ આ 'તિરંગા યાત્રા'માં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ જોડાયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે કશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગામડાથી મહાનગર સુધી આજે દેશભક્તિનો એક જ રંગ છે-તિરંગાનો રંગ. તેમણે જણાવ્યું કે ભારે ગરમી હોય કે ધોધમાર વરસાદ, કડકડતી ઠંડી હોય કે કપરા સંજોગો, આપણા વીર જવાનો દેશની સુરક્ષા માટે અડીખમ ઊભા રહે છે.

આવા વીર જવાનો અને તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની દેશના દરેક નાગરિકની જવાબદારી છે. સૌ સાથે મળીને એક-એક વીર જવાનને નમન કરીએ, તેમની બહાદુરીને સલામ કરીએ અને 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારા સાથે દેશભક્તિની ગુંજ દેશના દરેક ખૂણે પહોંચાડીએ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી 'હર ઘર તિરંગા' અભિયાન આજે દેશવ્યાપી જનઆંદોલન બન્યું છે. ગામડાથી મહાનગર સુધી અને બાળકો થી વડીલો સુધી સૌ કોઈ તિરંગા સાથે જોડાઈને રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ કરી રહ્યા છે. અમદાવાદની તિરંગા યાત્રામાં કિલોમીટરો સુધી યુવાનો, મહિલાઓ અને વડીલો હાથમાં તિરંગો લઈને જોડાયા છે, જે અમદાવાદની ગાઢ દેશભક્તિની જીવંત તસ્વીર છે. દેશભક્તોની રેલી કેવી હોય તેના દૃશ્યો જોવા હોય તો આજે અમદાવાદ આવો, તેમ તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું. તિરંગાની પવિત્રતા અને ગૌરવ જાળવવા નાગરિકોને અનુરોધ કરતાં શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે તિરંગો હંમેશા ઊંચો જ લહેરાવવો જોઈએ. ઉત્સાહમાં કે અજાણતાં પણ તિરંગો રસ્તા પર ન પડે તેની સૌએ કાળજી રાખવી જોઈએ. યાત્રા પૂર્ણ થયા બાદ તિરંગાને વ્યવસ્થિત રીતે ફોલ્ડ કરીને સન્માનપૂર્વક ઘરે લઈ જઈ યોગ્ય રીતે સાચવવો જોઈએ.

તિરંગાની આન, બાન અને શાન જાળવવાની જવાબદારી દરેક નાગરિકની છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ભવ્ય તિરંગા યાત્રામાં અંદાજિત એક લાખથી વધુ નગરજનો જોડાયા હતા. બિગબજાર-રાયપુર ખાતેથી પ્રસ્થાન થયેલી યાત્રાના સમગ્ર રૂટને તિરંગાના રંગો અને દેશભક્તિની થીમ સાથે શણગારવામાં આવ્યો હતો. રાયપુર ચાર રસ્તા, ખાડિયા ગેટ અને સારંગપુર ચાર રસ્તા સહિતના માર્ગો પર ૧૧ સ્વાગત સ્ટેજ ઊભા કરવામાં આવ્યા હતા, જ્યાં દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. 'વંદેમાતરમ્', 'સારે જહાં સે અચ્છા' અને 'એ મેરે વતન કે લોગો' જેવા દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયો હતો. તિરંગા યાત્રામાં અમદાવાદ સ્કૂલ બોર્ડના શિક્ષકો દ્વારા ૩૦૦ ફૂટ લાંબો વિશાળ રાષ્ટ્રધ્વજ જોડવામાં આવ્યો હતો. પોલીસ વિભાગની વિવિધ પ્લાટૂન, એસ.આર.પી.ના જવાનો, પોલીસ બેન્ડ, ફાયર વિભાગ, હોમગાર્ડ, સ્કાઉટ બેન્ડ સાથેના વિદ્યાર્થીઓ-શિક્ષકો, રમતવીરો તેમજ વિવિધ સમાજો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલા સ્વચ્છતા, પર્યાવરણ, રાષ્ટ્રભાવના અને શહેરના વિકાસના સંદેશ આપતા વિવિધ થીમ આધારિત ટેબ્લો પણ યાત્રાનું વિશેષ આકર્ષણ બન્યા હતા. રાયપુરથી પ્રસ્થાન કરેલી તિરંગા યાત્રા વિવિધ માર્ગો પરથી પસાર થઈ સારંગપુર ખાતે ભવ્ય આતશબાજી સાથે સંપન્ન થઈ હતી. સારંગપુર ખાતે પહોંચ્યા બાદ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાનને શ્રદ્ધાપૂર્વક યાદ કર્યું હતું. 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારા, હાથમાં લહેરાતા તિરંગા અને ભવ્ય આતશબાજી સાથે પૂર્ણ થયેલી આ યાત્રા અમદાવાદની અખંડ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભવ્ય અભિવ્યક્તિ બની રહી હતી. આ પ્રસંગે મેયર શ્રી હિતેશભાઈ બારોટે સ્વાગત પ્રવચન કર્યું હતું.

તિરંગા યાત્રામાં અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, ધારાસભ્યશ્રીઓ સવશ્રી અમિતભાઈ શાહ, અમિતભાઈ ઠાકર, અલ્પેશભાઈ ઠાકોર, બાબુભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, હર્ષદભાઈ પટેલ, પાયલબેન કુકરાણી, અમૂલભાઈ ભટ્ટ, ડૉ. હસમુખભાઈ પટેલ, દિનેશસિંહ કુશવાહા, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, કલેકટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ પોલીસ જવાનો તથા વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અંગદાન ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અવ્વલ: સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે 'વિશ્વ અંગદાન દિવસ'ની ઉજવણી અને "અમરગાથા" પુસ્તકનું વિમોચન

**આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં 'પ્રેરણા કક્ષ' અને દર્દીઓ માટે 'ઇલેક્ટ્રિક કાર' સેવાઓનું લોકાર્પણ; ૨૫૦થી વધુ અંગદાન થકી ૧૦૦૦થી વધુ દર્દીઓને મળ્યું નવજીવન**







**આયુર્વેદ, સંતુલિત જીવનશૈલી અને સંવેદનશીલતા પણ જીવન બચાવવાનું મોટું દાન છે: મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા**



કમલમ્,

અમદાવાદ સિવિલ હોસ્પિટલ, અસારવા ખાતે 'વિશ્વ અંગદાન દિવસ' નિમિત્તે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં 'પ્રેરણા કક્ષ' અને દર્દીઓ માટે 'ઈલેક્ટ્રિક કાર' સેવાઓનું લોકાર્પણ કરવા આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતુ કે અંગદાન એ મહાદાન છે. અમદાવાદ અને સુરત સિવિલ હોસ્પિટલ તથા IKDRC -આ ત્રણેય સરકારી હોસ્પિટલોમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ અને ઓર્ગન ડોનેશનની બાબતોમાં સમગ્ર ભારતમાં નંબરવન કામગીરી થઈ રહી છે. તેમણે ઉમેર્યું કે, આજે નાની વયે ડાયાલિસિસ અને હૃદયરોગના દર્દીઓ વધી રહ્યા છે, જેનું મુખ્ય કારણ અસંતુલિત ખાન-પાન અને જંક ફૂડ છે. આપણી ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદ (ચરક અને સુશ્રુત સંહિતા) રોગ થતાં પહેલાં બચવાના નિયમો શીખવે છે. ખોરાકમાં ભેળસેળ અટકાવવી, કેમિકલ પ્રદૂષણ રોકવું, વાહન ચલાવતી વખતે બેદરકારી ન રાખવી અને દર્દીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવવી એ પણ અંગદાન જેટલું જ મોટું પુણ્યનું કામ છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું કે મેડિસિટી કેમ્પસમાં આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ છે. દિલીપદાદાએ પલાખ કિલોમીટરથી વધુ પ્રવાસ કરીને અંગદાનનો સંદેશ પહોંચાડ્યો છે. આ ઉપરાંત યાસ્મીનબેનના સહયોગથી મુસ્લિમ પરિવારો દ્વારા અંગદાન શક્ય બન્યું છે, જે દર્શાવે છે કે અંગદાન ધર્મની સીમાઓથી પર માનવસેવા છે. UNMICRC નિયામક ડૉ. ચિરાગ દોશીએ અંગદાન માટે એક નવો સિદ્ધાંત રજૂ કર્યો: દાન(Donation)= દિલીપભાઈ દેશમુખ દાદા. દિલીપદાદાએ પોતાની સ્વાસ્થ્યની ચિંતા કર્યા વિના બીજાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને અનેક જિંદગીઓને નવજીવન આપવાનું કાર્ય કર્યું છે. દેશમાં દર વર્ષે ૫૦,૦૦૦ દર્દીઓ હાર્ટ ફેલિયરથી પીડાય છે, જ્યારે ટ્રાન્સપ્લાન્ટ માત્ર ૩૦૦નું થાય છે. જો બ્રેન ડેડ અંગદાન વધશે તો હજારો દર્દીઓને સમયસર નવજીવન મળશે. IKDRC નિયામક ડૉ. પ્રાંજલ મોદી અને શ્રી દિલીપભાઈ દેશમુખ (દાદા)એ પણ અંગદાનના મહત્વ અને સમાજમાં જાગૃતિ લાવવા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. અદ્યતન કોન્ફરન્સ હોલ "પ્રેરણા કક્ષ"ના અનાવરણ ઉપરાંત હોસ્પિટલમાં આવતા દર્દીઓ, તેમના સગા- સંબંધિઓ અને સ્ટાફની સુવિધા માટે નવી ઈલેક્ટ્રિક કાર સેવાઓનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં થયેલા ૨૫૦થી વધુ અંગદાન અને ૧૦૦૦થી વધુ અંગ-પેશી દાનની ભાવુક અને પ્રેરણાદાયી સફરને સાંકળતા પુસ્તક "અમરગાથા"નું મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક અંગદાતાઓ અને તેમના પરિવારો દ્વારા સમાજ પ્રત્યે આપવામાં આવેલા અમૂલ્ય યોગદાનને શ્રદ્ધાંજલિ આપે છે. અંગદાન અભિયાનને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવનાર IKDRC ટીમ, NMICRC ટીમ અને સિવિલ હોસ્પિટલની ટીમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BJ મેડિકલ કોલેજના ડીન ડૉ.મીનાક્ષી પરીખ, DMERના અધિક નિયામક ડૉ. જયેશ સચદે સહિત મોટી સંખ્યામાં તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત સરકાર ચંદીગઢ અને દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર લોન્ચ કરશે

કમલમ્,

ભારત સરકાર ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ચંદીગઢ અને દાદરા અને નાગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC)-આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) લોન્ચ કરશે. આ લોન્ચિંગ પ્રસંગે કેન્દ્રીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પ્રહલાદ જોશી, પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના વહીવટકર્તા શ્રી ગુલાબચંદ કટારિયા, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ; ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયા અને અન્ય મહાનુભાવો હાજર રહેશે. PMGKAY હેઠળ સીબીડીસી (CBDC)-આધારિત ડીબીટી (DBT)નું લોન્ચિંગ આધુનિક, પારદર્શી અને ટેક્નોલોજી-સંચાલિત કલ્યાણકારી વિતરણ ઈકોસિસ્ટમ બનાવવા તરફની ભારતની યાત્રામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન દર્શાવે છે. ચંદીગઢ અને દાદરા અને નગર હવેલી તમામ પાત્ર પીએમજીકેએવાય લાભાર્થીઓને પ્રોગ્રામેબલ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC – ડિજિટલ રૂપિયો) ટોકન્સના રૂપમાં સીધા તેમના સીબીડીસી વોલેટમાં ખાદ્ય સબસિડી ટ્રાન્સફરને કાર્યરત કરનારા દેશના પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશો બનવા માટે તૈયાર છે. પુડુચેરી અને ગુજરાતમાં અગાઉના પાઈલટ અમલીકરણ પર નિર્માણ કરીને, આ રોલઆઉટ લક્ષ્યાંકિત કેન્દ્રશાસિત પ્રદેશોમાં તમામ પાત્ર લાભાર્થીઓના સંપૂર્ણ ડિજિટલ સ્વીકાર અને સેચ્યુરેશન દર્શાવે છે. સીબીડીસી-આધારિત ડીબીટી મોડેલ હેઠળ, પાત્ર પીએમજીકેએવાય લાભાર્થીઓને પરંપરાગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાના બદલે સીધા તેમના સીબીડીસી વોલેટમાં ખાદ્ય સબસિડી મળશે.

ત્યારબાદ સબસિડીનો ઉપયોગ પેનલબદ્ધ વેપારીઓ પાસેથી સુરક્ષિત, શોધી શકાય તેવી અને રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા અન્ન ધાન્ય ખરીદવા માટે કરી શકાશે. સીબીડીસી-સક્ષમ ડીબીટી મોડેલ જાહેર ભંડોળનું પારદર્શક અને એન્ડ-ટુ-એન્ડ ટ્રેસેબલ વિતરણ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે, જ્યારે પરંપરાગત સબસિડી વિતરણ પ્રણાલીઓ સાથે સંકળાયેલી લીકેજ, ડાયવર્ઝન અને રોકડ હેન્ડલિંગ ઘટાડે છે. તે લાભાર્થીઓને તાત્કાલિક અને સુરક્ષિત લાભો ટ્રાન્સફર કરવા માટે સુગમ બનાવશે અને સરળ વોલેટ-આધારિત વ્યવહારો દ્વારા નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપશે. આ પહેલ સબસિડીના ઉપયોગના ઉત્તરદાયિત્વ અને રિયલ-ટાઈમ મોનિટરિંગને વધુ મજબૂત બનાવશે અને ભવિષ્યની ચુકવણી પ્રણાલીઓ માટે ડિજિટલ રૂપિયાની ક્ષમતા દર્શાવશે. આ રોલઆઉટ દેશ માટે એક પ્રૂફ ઓફ કન્સેપ્ટ અને અન્ય રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા અપનાવવા માટે સ્કેલેબલ ટેમ્પલેટ તરીકે પરિકલ્પિત છે. તે કલ્યાણકારી યોજનાઓ સાથે સીબીડીસીના એકીકરણ અંગે મૂલ્યવાન ઓપરેશનલ અનુભવ પૂરો પાડે તેવી અપેક્ષા છે અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા તથા નવીન તકનીકો દ્વારા નાગરિક-કેન્દ્રિત સેવાઓ પૂરી પાડવાના સરકારના દ્રષ્ટિકોણને ટેકો આપશે.

# નૂતન નર્સિંગ કોલેજ ખાતે 'વિશ્વ અંગદાન દિવસ' નિમિત્તે નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું.



કમલમ્,

નૂતન નર્સિંગ કોલેજ, એસ.પી.યુ. ખાતે 'વિશ્વ અંગદાન દિવસ' નિમિત્તે વિદ્યાર્થીઓમાં અંગદાન અને અંગ પ્રત્યારોપણ અંગે જાગૃતિ કેળવવા તેમજ અંગદાનના માનવજીવનમાં રહેલા મહત્વ અંગે સમજ વિકસાવવાના હેતુથી એક નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિષય અંતર્ગત અંગદાનની જરૂરિયાત, અંગ પ્રત્યારોપણની પ્રક્રિયા તથા અંગદાનને પ્રોત્સાહન આપવા માટેની આધુનિક અને નવીન વ્યૂહરચનાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. જયમીન ભટ્ટ, M.D. પેથોલોજી, પ્રોફેસર અને HOD, ડિપાર્ટમેન્ટ ઓફ પેથોલોજી, NMCRC, વિસનગર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના નિષ્ણાત વક્તવ્યમાં અંગદાનનું મહત્વ, અંગ પ્રત્યારોપણની વર્તમાન જરૂરિયાત તથા સમાજમાં અંગદાન અંગે જાગૃતિ વધારવાની આવશ્યકતા અંગે વિગતવાર અને અસરકારક માર્ગદર્શન આપ્યું હતું.

સાથે સાથે અંગદાનના ક્ષેત્રમાં નવીન ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની સંભવિત ભૂમિકા અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ડૉ. જયમીન ભટ્ટે વિદ્યાર્થીઓને અંગદાન અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા તથા સમાજમાં અંગદાન અંગે સકારાત્મક સંદેશ ફેલાવવા માટે પ્રેરિત કર્યા હતા. તેમના જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી વક્તવ્યને વિદ્યાર્થીઓએ રસપૂર્વક સાંભળ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન નૂતન નર્સિંગ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ચીફ પેટ્રન શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ પ્રોફ. (ડૉ.) પી.એમ. ઉદાણી, રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી તથા ડિરેક્ટર, હેલ્થ સાયન્સ ડૉ. જે. આર. પટેલના માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયા હતા. કાર્યક્રમના કન્વીનર ડૉ. એન. શિવા સુબ્રમણિયન, ડીન, નૂતન કોલેજ ઓફ નર્સિંગ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. રોજા ચોક્કરા દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે યોજાયેલ આ નિષ્ણાત વ્યાખ્યાન વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની રહ્યું હતું. કાર્યક્રમ દ્વારા અંગદાન પ્રત્યે જાગૃતિ, માનવતાની ભાવના તથા "અંગદાન દ્વારા જીવનદાન"નો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદના મુસાફરોને મળી નવી ભેટ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અત્યાધુનિક ગીતામંદિર બસ ટર્મિનલ-૨ (નોર્થ બ્લોક) આઈકોનિક બસપોર્ટ'નું લોકાર્પણ

**વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળી અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા રહ્યા ઉપસ્થિત**







કમલમ્,

અમદાવાદ શહેરના નાગરિકો અને મુસાફરોને નવીન ભેટ મળી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ગીતામંદિર ખાતે નિર્માણ પામેલ અત્યાધુનિક ગીતામંદિર બસ ટર્મિનલ-૨ (નોર્થ બ્લોક) આઈકોનિક બસપોર્ટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળી અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવનિર્મિત બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ આઈકોનિક બસપોર્ટ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) અને મેસર્સ હબટાઉન બસ ટર્મિનલ (અમદાવાદ) પ્રા. લિ. ના સંયુક્ત ઉપક્રમે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે તૈયાર કરવામાં આવ્યું છે. મુસાફરોને આધુનિક અને સુવિધાસભર સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આ આઈકોનિક બસપોર્ટ તૈયાર કરવામાં આવ્યું છે. બસ ટર્મિનલમાં ઉપલબ્ધ મુખ્ય સુવિધાઓ અને આકર્ષણો વિશે વાત કરીએ તો, બસ ટર્મિનલનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૪૩૦૯ ચોરસ મીટરમાં પથરાયેલું છે. મુસાફરોના આવાગમન માટે કુલ ૩૯ બોર્ડિંગ, એલાઈટીંગ અને આઈડીયલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મુસાફરોની સરળતા માટે ૨૧૮ ચો.મી. ક્ષેત્રફળમાં ૩ ઈન્કવાયરી ઓફિસ / ટિકિટીંગ કાઉન્ટર, ૩૯.૩૮ ચો.મી.નું ટુરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટર, કન્સેશનર ઓફિસ, ક્લોકરૂમ (૪૫ ચો.મી.), વોટર રૂમ, પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ, સ્ટોર રૂમ (૩૩૩.૫૦ ચો.મી.) ની સુવિધાઓ છે. વધુમાં આરામદાયક વેઈટિંગ હોલ અને પૂરતી બેઠક વ્યવસ્થા પણ છે જેમાં જનરલ વેઈટિંગ હોલ (૧૦૦ બેઠક ક્ષમતા), લેડીઝ વેઈટિંગ હોલ (૭૫ બેઠક ક્ષમતા), ડીલક્સ વેઈટિંગ હોલ (૨૫ બેઠક ક્ષમતા) અને બોર્ડિંગ તથા એલાઈટીંગ કોન્કોર્સ એરિયામાં મુસાફરો માટે ૪૧૨ ચો.મી.માં ૩૭૦ બેઠકોની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે બસ ટર્મિનલમાં ૧૩૦ સીટ ધરાવતી વિશાળ કેન્ટીન, ૭૧.૫૭ ચો.મી. નો પાર્સલ રૂમ, અને ૩૦૦૦ ચો.મી.નો બી.ટી.એફ. પાર્કિંગ એરિયા ઉપલબ્ધ છે. વધુમાં મુસાફરો માટે શૌચાલય વ્યવસ્થા પણ છે. મહિલાઓ માટે ૨૯ શૌચાલય અને ૭ બાથરૂમ તથા પુરુષો માટે ૨૧ શૌચાલય, ૫ બાથરૂમ અને ૩૩ યુરીનલ અને દિવ્યાંગ મુસાફરો માટે ૩ વિશેષ શૌચાલય (બાથરૂમ સહિત)ની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. બસ નિગમના ડ્રાયવર અને કન્ડકટર મિત્રોના આરામ માટે થર્ડ ફ્લોર પર ૨૫૫ ચો.મી. માં રેસ્ટ રૂમ અને ડોર્મેટરીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે શહેરના ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી અલ્પેશભાઈ ઠાકોર, શ્રી દિનેશભાઈ કુશવાહ તથા સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028